પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૦૯ | ૨૦ માર્ચ, ૨૦૨૩, સોમવાર; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભાગેડુ અમૃતપાલ સિંહને પોલીસે ઘેર્યો

### પંજાબમાં સોમવાર સુધી ઈન્ટરનેટ બંધ રહેશે : પોલીસે આખા ગામને ઘેરીને રાત્રે ઓપરેશન ચાલ્યું પરંતુ અમૃતપાલ ફરી વાર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો

નવી દિલ્હી, તા.૧૯

કટ્ટરપંથી ઉપદેશક અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહની શોધખોળ ચાલી રહી છે. દોઢ દિવસની મહેનત બાદ પણ તે પોલીસથી દૂર છે. તેની ધરપકડનો મામલો એક દિવસ પહેલા જ પ્રકાશમાં આવ્યો હતો, પરંતુ પછી ખબર પડી કે તે પોલીસને માત આપીને ભાગી ગયો હતો. તે જે ગામમાં છુપાયો હતો ત્યાં પણ પોલીસે સર્ચ ઓપરેશન ચાલુ રાખ્યું હતું. આખા ગામને ઘેરીને રાત્રે ઓપરેશન ચાલ્યું પરંતુ તે ફરી એકવાર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેને ભાગેડુ જાહેર કરી દીધો છે.







પંજાબ સરકારે રાજ્યમાં મોબાઈલ ઈન્ટરનેટ અને SMS સેવાઓના સસ્પેન્શનને સોમવાર બપોર સુધી લંબાવ્યું છે. રાજ્ય સત્તાવાળાઓએ શનિવારે ઈન્ટરનેટ અને SMS સેવાઓ રવિવાર બપોર સુધી સ્થગિત કરી દીધી હતી. અમૃતપાલ સામેની કાર્યવાહીને કારણે સોમવાર સુધી મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અધિક મુખ્ય સચિવના અધિકૃત આદેશમાં જણાવાયું છે કે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ હેઠળ મને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, આથી નિર્દેશ કરવામાં આવે છે કે પંજાબના પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં તમામ મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ, તમામ SMS

● અનુસંધાન પાન-૭ પર

## લોકશાહીમાં તેના માટે કોઈ સ્થાન નથી જેઓ તેમાં વિશ્વાસ રાખતા નથી : નડ્ડા

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ રવિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર લોકશાહીની તમામ મર્યાદાઓ પાર કરવાનો આરોપ મૂક્યો હતો. નડ્ડાએ ચેન્નાઈમાં ભારતીય જનતા યુવા મોરચાની 'રાષ્ટ્રીય યુવા સંસદ'નું ઉદ્‌ઘાટન કર્યા પછી વર્ચ્યુઅલ સંબોધનમાં કહ્યું, "જે લોકો લોકશાહીમાં વિશ્વાસ નથી કરતા, તેમના માટે લોકશાહીમાં કોઈ સ્થાન નથી."

રાહુલ પર યુએસ અને યુરોપિયન દેશો જેવી વિદેશી શક્તિઓને ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવા માટે ઉશ્કેરણી કરવાનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે કોંગ્રેસ આજે માનસિક નાદારીથી પીડિત છે. બીજેપી અધ્યક્ષે કહ્યું, રાહુલ ગાંધીએ લોકશાહીની તમામ હદો વટાવી દીધી છે. તેમણે કહ્યું, તેઓ (રાહુલ ગાંધી) કેવા પ્રકારના નિવેદનો આપે છે. ભારતના લોકો તેમની વાત સાંભળતા નથી, તેઓ તેમને સહન કરે છે.

## ચીન સાથેના સંબંધો અત્યારે સામાન્ય ન હોઈ શકે : જયશંકર

### પૂર્વ લદ્દાખમાં LAC પર પરિસ્થિતિ ખૂબ જ નાજુક : કેટલાક વિસ્તારોમાં ભારતીય અને ચીનના સૈનિકો નજીક નજીકમાં તહેનાત હોવાને કારણે સ્થિતિ ખતરનાક બની

નવી દિલ્હી, તા.૧૯

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેના સંબંધો હાલમાં સૌથી પડકારજનક છે. પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર સ્થિતિ ખૂબ જ નાજુક છે. કેટલાક વિસ્તારોમાં ભારતીય અને ચીની સૈનિકોની નજીક તૈનાત કર્યા હોવાને કારણે સ્થિતિ ઘણી ખતરનાક બની છે. એક ટીવી ચેનલના કાર્યક્રમમાં વિદેશ મંત્રીએ કહ્યું કે ચીને અગાઉના કરારોનું ઉલ્લંઘન કર્યું છે. તમે (ચીન) સમજૂતીઓનું ઉલ્લંઘન કરીને બધું જ સામાન્ય છે એવું બતાવી શકતા નથી.

તેઓએ કહ્યું હતુ કે અમે સ્પષ્ટ કર્યું છે કે અમે કરારોના ઉલ્લંઘનને સહન નહીં કરીએ. અમે ચીનીઓને સ્પષ્ટ કરી દીધું છે કે અમે શાંતિ ભંગને સ્વીકારતા નથી. જયશંકરે કહ્યું કે અમે ચીન સાથેના સંબંધોને પડકારજનક ગણાવીએ છીએ કારણ કે ૧૯૮૮થી જ્યારે રાજીવ ગાંધી ત્યાં ગયા ત્યારે વર્ષ ૨૦૨૦ સુધી અમારી વચ્ચે સમજૂતી હતી કે સરહદ પર શાંતિ જળવાઈ રહેશે. સરહદ પર વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે 'પ્રોટોકોલ' બનાવવામાં આવ્યા હતા.

ચીને ૨૦૨૦માં કરારોનું ઉલ્લંઘન કર્યું હતું, જેના પરિણામો ગાલવાન વેલી અને અન્ય

● અનુસંધાન પાન-૭ પર

## રાહુલ ગાંધીના ઘરે પહોંચી દિલ્હી પોલીસ

### ભારત જોડો યાત્રામાં કરેલા દાવાની વિગતો માગી : પોલીસે તેમને પહેલા જ નોટિસ જાહેર કરીને એ પીડિત મહિલાની જાણકારી માગી હતી



નવી દિલ્હી, તા.૧૯

ભારત જોડો યાત્રા દરમ્યાન કાશ્મીરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ભાષણના સંદર્ભમાં પુછપરછ કરવા માટે દિલ્હી પોલીસ રવિવારે તેમના ઘરે પહોંચી ગઈ હતી. પોલીસે તેમને પહેલા જ નોટિસ જાહેર કરીને એ પીડિત મહિલાની જાણકારી માગી હતી, જે કથિત રીતે તેમને મળી હતી અને પોતાની સાથે થયેલ ઉત્પીડન વિશે વાત કરી હતી. રાહુલ ગાંધીના નિવાસસ્થાન બહાર ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી હતી. સ્પેશિયલ સીપી સાગર પ્રીત હુડ્ડા કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના નિવાસસ્થાન પર નોટિસના સંબંધમાં તપાસ કરવા પહોંચ્યા હતા.

સ્પેશિયલ સીપી સાગર પ્રીત હુડ્ડાએ કહ્યું કે, તે યૌન ઉત્પીડનનો શિકાર એ મહિલાઓ વિશે જાણકારી માગવા માટે રાહુલ ગાંધીના ઘર પર ગયા, જેનો ઉલ્લેખ ભારત જોડો યાત્રા દરમિયાન પોતાના ભાષણમાં કર્યો હતો. અમે અહીં તેમની સાથે વાત કરવા આવ્યા છીએ. રાહુલ ગાંધીએ ૩૦ જાન્યુઆરીએ શ્રીનગરમાં નિવેદન આપ્યું હતું કે, તેઓ કેટલીય મહિલાઓને મળ્યા અને તેમણે જણાવ્યું છે કે, તેમની

● અનુસંધાન પાન-૭ પર

## ગૃહમંત્રીએ સોમનાથ ટ્રસ્ટની મોબાઈલ એપ લોન્ચ કરી

### ગૃહમંત્રી અમિત શાહે સોમનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી



સોમનાથ,તા.૧૯

ભારતના કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતિક સમા પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને આજે શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી હતી. તેમજ લોકસુખાકારી તેમજ જનકલ્યાણ માટે કેન્દ્રિય ગૃહ મંત્રીએ પ્રાર્થના કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ મહાદેવ સમક્ષ જળાભિષેક કરી પૂજારીઓ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી સોમેશ્વર મહાપૂજા, ધ્વજાપુજા અને પાઘ પુજા કરી ધન્યતા અનુભવી હતી. પુજા વિધી બાદ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી.પરમાર, સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈએ સ્મૃતિચિન્હ અર્પણ કરી કેન્દ્રીય ગૃહ મંત્રીનું સન્માન કર્યું હતું.

અમિત શાહે પરિવાર સાથે મળીને મહાદેવની પૂર્જા અર્ચના કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીની સોમનાથ મુલાકાત દરમિયાન અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા મંદિરમાં "સોમનાથ યાત્રા એપ" ઈ-લોકાર્પણ કરવામા આવ્યુ હતુ. વન સ્ટોપ સોલ્યુશન"સોમનાથ યાત્રા એપ"એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મુસાફરોની સુવિધાની દિશામાં મહત્વનું પગલું છે. આ એપની મદદથી યાત્રાધામ સોમનાથ, ભાલકા રામ મંદિરના મુખ્ય મંદિરોના જીવંત દર્શન તેમજ આવાસ અને સોમનાથ કેવી રીતે પહોંચવું તેની માહિતી ઉપરાંત ટ્રેન, બસ, નજીકના એરપોર્ટની માહિતી મળી રહેશે.

## હાવડા રેલ્વે સ્ટેશન પાસે લોકલ ટ્રેન પાટા ઉપરથી ઉતરી ગઈ

### તમામ મુસાફરો સુરક્ષિત છે : દુર્ઘટના બાદ ઈસ્ટર્ન રેલવેએ તપાસના આદેશ આપ્યા ટ્રેનને પાટા પર લાવવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૯

પશ્ચિમ બંગાળના હાવડા સ્ટેશન પાસે અમાતા-હાવડા લોકલ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. આજે રવિવારે સવારે ૯.૪૫ કલાકની આસપાસ આ ઘટના બન હતી.

પ્લેટફોર્મ નંબર ૧૯માં પ્રવેશતા પહેલા ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી, જો કે તમામ મુસાફરો સુરક્ષિત છે. લોકલ ટ્રેન પાટા પરથી ઉતરી જવાને કારણે ટ્રેન સેવા પ્રભાવિત થઈ હતી. બીજી તરફ આ દુર્ઘટના બાદ ઈસ્ટર્ન રેલવેએ તપાસના આદેશ આપ્યા છે અને ટ્રેનને પાટા પર લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

માહિતી મુજબ જ્યારે ટ્રેન અમાતાથી હાવડામાં પ્રવેશી રહી હતી, ત્યારે પ્લેટફોર્મ નંબર ૧૯ માં પ્રવેશતી વખતે પાછળના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. રેલવે અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને ટ્રેનને પાટા પર લાવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આપને જણાવી દઈએ કે, હાવડા સ્ટેશનના



પ્રવેશદ્વાર પર હાવડા-અમતા લોકલ પાટા પરથી ઉતરી ગઈ હતી. જો કે ટ્રેનની સ્પીડ ઓછી હોવાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી.

દુર્ઘટનાની માહિતી મળતા જ રેલવે અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એક રેસ્ક્યુ વાન પણ પહોંચી હતી. ટ્રેનના પૈડાને લાઈન સુધી ઉપાડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ ઘટનાથી મુસાફરોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે અકસ્માતને કારણે કોઈ મોટું નુકસાન થયું નથી. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર થોડી જ વારમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ હતી.

મહત્વનું છે કે અકસ્માતને કારણે હાવડા સ્ટેશનની દક્ષિણ-પૂર્વ શાખા પર ટ્રેનની અવરજવર થોડા સમય માટે ખોરવાઈ ગઈ હતી. લોકલ ટ્રેનો હંગામી ધોરણે સ્થગિત કરવામાં આવી છે. કેટલાક લાંબા અંતરની ટ્રેનો પણ નિર્ધારિત સમય કરતા મોડી પહોંચી હતી. મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## અદાણીએ કચ્છમાં પ્રોજેક્ટ અનિશ્ચિત મુદત માટે અટકાવ્યો

### ૪ અબજ ડોલરનો પ્રોજેક્ટ અટકાવ્યો : ભારતમાં કોલસામાંથી પીવીસીનો મોટો પ્લાન્ટ બનવાનો હતો : કંપની હાલના બિઝનેસને મજબૂત કરવા માંગે છે

નવી દિલ્હી, તા.૧૯

અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગના રિપોર્ટના કારણે અદાણી જૂથની વેલ્યૂ તો ઘટી જ છે, સાથે સાથે નવા પ્રોજેક્ટને પણ આંચકો લાગ્યો છે. વાસ્તવમાં ગૌતમ અદાણીના જૂથને કેટલો ફટકો લાગ્યો છે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.

અદાણી જૂથ ગુજરાતના કચ્છમાં મુંદ્રા ખાતે લગભગ ચાર અબજ ડોલર (૩૪ હજાર કરોડ રૂપિયા)ના ખર્ચે કોલસામાંથી પીવીસીનો પ્લાન્ટ સ્થાપવા જઈ રહ્યું હતું, પરંતુ હવે આ પ્રોજેક્ટ અનિશ્ચિત મુદત માટે અટકાવી દેવાયો છે.

અદાણીએ આ પ્રોજેક્ટ માટે ફંડ એકત્ર કરવાનું કામ પણ અટકાવી દીધું છે. અદાણીએ કોલસામાંથી પીવીસી બનાવવાના પ્રોજેક્ટ માટે આઠ બેંક્રો પાસેથી ૧૪,૦૦૦ કરોડ એકઠા કરવાની યોજના બનાવી હતી જેમાંથી એક બેંક્ર સ્ટેટ બેંક્ર ઓફ ઈન્ડિયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઓસ્ટ્રેલિયા સામે બીજી વન-ડેમાં ભારતનો પરાજય

### ભારતની આખી ટીમ માત્ર ૧૧૭ રન પર ઓલઆઉટ : કોહલી સિવાય એક પણ બેટર ૩૦નો આંકડો પાર ન કરી શક્યો



વિશાખાપટ્ટનમ, તા.૧૯

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૩ મેચની શ્રેણીની બીજી મેચ વિશાખાપટ્ટનમના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. પહેલી વન ડે માં ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. બીજી મેચમાં ભારતનો શરમજનક પરાજય થયો હતો. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટીવ સ્મિથે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ટીમ શરૂઆતથી જ બેકફૂટ પર રહી હતી. ભારતની બેટિંગ તદ્દન કંગાળ રહી હતી. વિરાટ કોહલી સિવાય એક પણ બેટર ૩૦ નો આંકડો પણ પાર કરી શક્યો નહોતો. ઓસ્ટ્રેલિયા તરફથી ઓપનર હેડ અને માર્શ જ મેચ પતાવીને આવી ગયા હતા.

કાંગારૂ ટીમનો ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે ભારતીય ટીમને શરૂઆતમાં જ ૪ આંચકા આપ્યા હતા. ભારતે ૪૯ રનના સ્કોર પર ૫ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર પછી અક્ષર પટેલ સિવાય એક પણ બેટ્સમેન ચાલ્યો નહોતો. અને સામે છેડે વિકેટો પડતી જ રહી હતી. આખરે આખી ભારતીય ટીમ માત્ર ૧૧૭ રનમાં સમેટાઈ ગઈ હતી. મિચેલ સ્ટાર્કે ૫ વિકેટ લઈને ભારતીય બેટિંગની કમર તોડી નાખી હતી. ત્યાર પછી બેટિંગમાં પણ ઓસ્ટ્રેલિયા તરફથી ઓપનર હેડ અને માર્શ જ મેચ પતાવીને આવી ગયા હતા. ઓસ્ટ્રેલિયાના બંને ઓપનરોએ અર્ધી સદી ફટકારી હતી. ટીમ ઈન્ડિયાને શરૂઆતના ૪ ઝટકા આપીને મિચેલ સ્ટાર્કે બેક ફૂટ પર લાવી દીધી હતી. તેણે ૮ ઓવરમાં ૫૩ રન આપીને કુલ ૫ વિકેટ લીધી હતી. સીન એબોટે ૩ જ્યારે નાથન એલિસે ૨ વિકેટ લીધી હતી.